શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
(ગુજરાત એકટ નં ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
Shri Govind Guru University
(Established vide Gujarat Act No.24/2015)

સરકારી પોલીટેકનીક કેમ્પસ,
ગદુકપુર,ગોધરા
જિલ્લાપંચમહાલ પિન કોડ ૩૮૯૦૦૧

Government Polytechnic Campus
Gadukpur, Godhra.
Dist. Panchmahal Pin Code 389001

નં.એસજીજીયું/પ્રવેશ/વિજ્ઞાન/૨૦૧૬ / 531 તા. ૦૧/૦૮/૨૦૧૬

પરિપત્ર નં.-૬૩

## બી. એસસી. પ્રથમ સેમેસ્ટર-પ્રવેશ અંગે સુચના
## G.S.E.B. પુરક પરીક્ષા પાસ કરેલ વિધાર્થીઓ તથા પ્રવેશથી વંચિત વિધાર્થીઓ માટે ખાસ પ્રવેશ બાબત.

બાબત :- શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭ માટે પ્રથમ વર્ષ વિજ્ઞાન વિદ્યાશાખામાં સેમેસ્ટર-૧ ના વર્ગોમાં પુરક પરીક્ષા પાસ કરેલ વિધાર્થીઓ તથા પ્રવેશથી વંચિત વિધાર્થીઓ માટે પ્રવેશ માટેની અમલમાં મુકવાની સૂચનાઓ/માર્ગદર્શક નિયમો અંગે.

શ્રીમાન,
માનનીય કુલપતિશ્રીના આદેશ અનુસાર ઉપરોક્ત બાબતે નીચે દર્શાવેલ આ યુનિવર્સીટી સંલગ્ન વિજ્ઞાન વિદ્યાશાખાની કૉલેજના પ્રથમ વર્ષમાં સેમેસ્ટર-૧ માં G.S.E.B. ની પુરક પરીક્ષા પાસ કરેલ વિધાર્થીઓ તથા પ્રવેશથી વંચિત વિધાર્થીઓ માટે પ્રવેશ આપવાની કામગીરી અંગે નીચે જણાવેલ સૂચનાઓ અને આદેશોનું ચુસ્ત પાલન કરવા વિનંતી છે.

(અ) પ્રવેશ અંગેની સૂચનાઓ સાયન્સ માટે :-

૧. જુલાઈ-૨૦૧૬ ની ધો.-૧૨ની વિજ્ઞાન પ્રવાહ ની પુરક પરીક્ષામાં પાસ થનાર તથા પ્રવેશથી વંચિત વિધાર્થીઓ માટે અનામત અને બિન-અનામત બંને કક્ષાના વિદ્યાર્થીઓને પ્રવેશપત્રો આપવાની, પરત સ્વીકારવાની અને મેરિટ યાદીઓ મુકવાની અને ફી લેવાની વ્યવસ્થા આ પરિપત્રમાં દર્શાવેલ સમય પત્રક મુજબ વિજ્ઞાન વિદ્યાશાખાની કૉલેજોએ ફરજીયાત રીતે અમલમાં મૂકી કાર્યવાહી કરવાની રહેશે.

૨. આપની કૉલેજમાં વિદ્યાર્થીઓને જે કોર (મુખ્ય વિષય), સબજેક્ટ, ઈલેકટીવ, ફાઉંન્ડેશન કોર્ષીસ આપવા માંગતા હોય તેની માહિતી આપની કૉલેજના નોટીસ બોર્ડ પર વિદ્યાર્થીને સ્પષ્ટ વંચાય તે રીતે મુકશો.

૩. વિજ્ઞાન વિદ્યાશાખાની કૉલેજોએ વિષયો વિવિધતાને લીધે જો ઓફલાઈન એડમીશન આપવાના થાય તો વિધાર્થીઓને પેમ્પલેટ,બ્રોશર આપવાના/વિતરિત કરવાના રહે છે તથા પેમ્પલેટ,બ્રોશર કે અન્ય સ્વરૂપના નામેથી ફોર્મ્સની કિંમત રૂ. ૨૦/- થી વધારે લઇ શકશે નહિ.

૪. (અ) ફોર્મ્સ પરત લેતી વખતે વિધાર્થીઓને ફરજીયાત પહોંચ આપવાની રહેશે.

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
(ગુજરાત એકટ નં ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
Shri Govind Guru University
(Established vide Gujarat Act No.24/2015)
સરકારી પોલીટેકનીક કેમ્પસ,
ગદુકપુર,ગોધરા
જિલ્લાપંચમહાલ પિન કોડ ૩૮૯૦૦૧
Government Polytechnic Campus
Gadukpur, Godhra.
Dist. Panchmahal Pin Code 389001

(બ) અંગ્રેજી, ગુજરાતી માધ્યમ માટે એક જ ફોર્મ વિધાર્થીઓ પાસે ભરાવવાનું રહેશે.

(ક) કોઈપણ સંજોગોમાં ફોર્મ પરત લેતી વખતે ઓરીજીનલ માર્કશીટ લેવાની નથી. મેરીટ યાદી મુજબ પ્રવેશ આપતી વખતે જ ઓરીજીનલ માર્કશીટ લઈ લેવી અને તા. ૩૧/૦૮/૧૬ (એનરોલમેન્ટ)પછી જ પરત કરવું, આ બાબતનો ચુસ્ત પણે અમલ કરવો.

(ડ) એકવાર પ્રવેશ લીધા પછી અન્ય કૉલેજમાં પ્રવેશ આપવામાં આવશે નહીં, આમ છતાં કોઈ કૉલેજ પ્રવેશ આપશે તો તે વિદ્યાર્થીના એનરોલમેંન્ટ કરવામાં આવશે નહીં.

૫. દરેક કૉલેજે નીચે પ્રમાણે સ્પષ્ટ જાહેરાત કૉલેજના પ્રવેશ દ્વાર પાસે મુકવી (જમ્બો ઝેરોક્ષમાં મુકવું)

(૧) મેરીટ યાદીમાં નામ આવતાં ક્રમશઃ જ્યાં નિયત સંખ્યા સમાપ્ત થશે ત્યાં પ્રવેશ બંધ થશે.

(૨) મેરીટ અનુસાર યાદીમાં નામ આવવાથી પ્રવેશ ફાઈનલ થતો નથી, આગળના મેરીટ ધરાવનાર કેટલા વિધાથી પ્રવેશ લે છે તેના પર આધાર રાખે છે.

(૩) અનેક કોલેજમાં વિધાર્થી પ્રવેશ અરજીઓ જમા કરાવે છે તેથી જરૂર કરતા વધારે સંખ્યાની યાદી મુકવામાં આવે છે અને પરિણામે બધાને પ્રવેશ મળી શકશે તેમ માનવું નહિ.

(૪) ફી ભર્યા પછી સમાન વિદ્યાશાખામાં જવા માટે પ્રવેશ કોઇપણ સંજોગોમાં રદ થશે નહી. ઓરીજીનલ ગુણપત્રક તા. ૩૧/૦૮/૧૬ (એનરોલમેન્ટ) સુધી પરત મળશે નહી.

(૫) મેરીટ યાદીઓ એક જ તારીખે તમામ કૉલેજોમાં સવારે ૮:૦૦ વાગ્યે મુકાશે. મેરીટ યાદી મુજબ ફી સ્વીકારવાનો સમય બી. એસસી. અભ્યાસક્રમમાં સવારની કૉલેજોમાં સવારે ૯-૦૦ થી ૧૨-૦૦ કલાકે અને બપોરની તમામ કૉલેજોમાં ૧૨-૦૦ થી ૪-૦૦ કલાક સુધી ફી સ્વીકારવાની કાર્યવાહી કરવાની રહેશે. વિદ્યાર્થીએ સમયસર હાજર રહેવું સીટોની ઉપલબ્ધતાને આધારે પ્રવેશ પ્રક્રિયા ચાલુ રહેશે.

(૬) નિયત તારીખે ફી નહીં ભરનારનો પ્રવેશ પર કોઈ અધિકાર રહેશે નહીં, આ બાબતે વાંધા-વિરોધ-વિવાદ સંભાળવામાં આવશે નહીં.

(૭) પ્રવેશ માટે કોઇપણ એજન્ટ/મધ્યસ્થી સાથે નાણાકીય વ્યવ્હાર કરવો નહી.

(૮) પોતાના પ્રાપ્ત ટકાને ધ્યાનમાં રાખ્યા સિવાય ઉચ્ચ ટકાવારીના કટ ઓફ પોઈન્ટ ધરાવનાર કોલેજોમાં જ પ્રવેશ ફોર્મ ભરનારને પ્રવેશ ના મળે તો કોલેજ કે યુનિવર્સીટી ની કોઈ જવાબદારી રહેશે નહિ. આ માટેની રજૂઆત યુનિવર્સીટીમાં સાંભળવામાં આવશે નહિ

સરકારી પોલીટેકનીક કેમ્પસ,
ગદુકપુર,ગોધરા
જિલ્લાપંચમહાલ પિન કોડ ૩૮૯૦૦૧

Government Polytechnic Campus
Gadukpur, Godhra.
Dist. Panchmahal Pin Code 389001

(૯) એન.આર.આઈ. ક્વોટા માં વિધાર્થીને પ્રવેશ આપવા માટે કોલેજ તરફથી યુનિવર્સીટીની પૂર્વમંજુરી લેવાની રહેશે. યુનિવર્સીટીની મંજુરી સિવાય આપેલ પ્રવેશ માન્ય ગણાશે નહિ.

૬. દરેક કૉલેજ ચુસ્ત રીતે મેરીટ અનુસાર જ પ્રવેશ આપશે અને મેરીટ લીસ્ટ બહારનો એકપણ પ્રવેશ આપવો નહી. અન્યથા તે પ્રવેશ રદ્દ ગણાશે તથા તે વિદ્યાર્થીનું અનરોલમેન્ટ થશે નહી.

(૧) અનામત કક્ષાના વિદ્યાર્થીઓને જાતિના પુરાવાની નકલ સાથે અરજી આપવાની રહેશે.

(૨) જાતિનું પ્રમાણપત્ર ઇસ્યુ થવાનું બાકી હોય તો પ્રવેશ વખતે હંગામી પ્રવેશ આપી ૧૦ દિવસમાં " હંગામી " રજુ કરવાનો ખાતરી પત્ર લેવો. ૧૦ દિવસ પછી પ્રવેશ રદ્દ ગણાશે તેમ જણાવવું.

(૩) બક્ષીપંચના વિદ્યાર્થીઓ પાસેથી ચાલુ નાણાકીય વર્ષનું ક્રીમીલેયર સર્ટિફીકેટ વિદ્યાર્થીએ રજુ કરવું ફરજીયાત છે. એટલે કે માર્ચ ૨૦૧૬ પછીનું ક્રીમીલેયર સર્ટિફીકેટ લાવવાનું રહેશે.

(૪) પ્રવેશ શીડ્યુલમાં નક્કી કરાયા મુજબ ઓપન મેરીટની યાદીમાં, ગુણવત્તાના ધોરણે આવતા તમામ વિદ્યાર્થીઓનો સમાવેશ કાર્ય બાદ જ અનામત કક્ષામાં આવતા વિદ્યાર્થીઓની મેરીટ યાદી જાહેર કરવાની છે.ઓપન મેરીટમાં આવતા વિદ્યાર્થીઓને તે પ્રમાણે પ્રવેશ આપવો તેમને અનામત યાદીમાં સમાવવા નહીં, યુનિ. ની મંજુરીથી અનામત જગ્યાઓ ઓપનમાં બદલાવવાની રહેશે.

(૫) અનામતની ટકાવારીની જગ્યાઓ, ઓપન મેરીટનો સમાવેશ ફાઈનલ ના થાય ત્યાં સુધી કોઇપણ સંજોગોમાં ભરવી નહી કે ઓપન કરવી નહીં. અન્યથા આચાર્યશ્રીની કાયદેસરની સંપૂર્ણ જવાબદારી રહેશે.

| (૬) અનામત જગ્યાઓની ટકાવારી | ડીવીઝન દીઠ |
|---|---|
| (અ) અનુસુચિત જાતિ | ૭% |
| (બ) અનુસુચિત જનજાતિઓ | ૧૫% |
| (ક) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ | ૨૭% |
| (ડ) મહિલા અનામત | સરકારશ્રીના નિયમ મુજબ |
| (ગ) બિન અમાનત આર્થીક રીતે નબળા વર્ગો (UEWS) (સરકારી પરિપત્ર સંલગ્ન કરવો) | ૧૦% |

(ઇ) વિકલાંગ ............ 3% (તમામ કક્ષામાં સમાવિષ્ટ)

(અ) અનામત જગ્યાઓ કુલ ૫૯% રહેશે.

(બ) ઓપન જગ્યાઓ ૪૧% રહેશે.

Special Provision for Concession for the wards of kashmiri migrant (MHRD Letter No.3-1/2012 NER-Dated:7th March-2013

(i) Relaxation in CUT OFF percentage up to 10% subject to minimum eligibility requirement.
(ii) Increase in intake capacity up to 5% course-wise.
(iii) Reservation of at least one seat in merit quota in technical/professional institution.
(iv) Waiving of domicile requirements.

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
(ગુજરાત એકટ નં ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
Shri Govind Guru University
(Established vide Gujarat Act No.24/2015)
સરકારી પોલીટેકનીક કેમ્પસ, ગદુકપુર,ગોધરા જિલ્લાપંચમહાલ પિન કોડ ૩૮૯૦૦૧
Government Polytechnic Campus Gadukpur, Godhra. Dist. Panchmahal Pin Code 389001

(૭) તા. ૩૧/૦૮/૨૦૧૬ (એનરોલમેન્ટ) પછી માર્કસીટ પરત કરતી વખતે કોલેજે "પ્રથમ સેમેસ્ટરમાં ......................... કોલેજ " પ્રવેશ આપેલ છે તેવું એમ્બોસ સીલ કે સિક્કો તારીખ સાથે માર્કસીટ પાછળ લગાવી, આચાર્યશ્રીએ સહી કરી માર્કસીટ પરત કરવી.

૭. ગુજરાત એચ.એસ.સી. બોર્ડ માંથી પાસ થયેલા વિદ્યાર્થીઓ સિવાયના વિદ્યાર્થીઓને કોઈપણ સંજોગોમાં શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સીટીના પ્રોવિઝનલ એડમીશન એલીજીબીલીટી સર્ટીફીકેટ સિવાય પ્રવેશ આપવો નહીં.

૮. પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓની ફી સ્વીકારતી વખતે અસલ માર્કશીટ અને એનરોલમેન્ટ માટે ત્રણ ફોટા અચૂક લેવા અને પ્રવેશ કાર્ય પૂરૂં ન થાય ત્યાં સુધી, ખાસ સંજોગો સિવાય અસલ ગુણપત્રક પરત કરવું નહીં, સદરહું નિયમો ચુસ્તપણે અમલ કરવો. કોઈપણ સંજોગોમાં આ માટે અન્ય વાણિજ્ય, વિનયન, બી.બી.એ કોલેજોમાં જવા માટે કોઈપણ સંજોગોમાં એન.ઓ.સી. આપવી નહીં.

૯. વિષયો અને પ્રવેશની પાત્રતા બાબતે સંપૂર્ણ ચકાસણી કરીને જ આચાર્યશ્રીએ પ્રવેશ આપવો.એનરોલ્મેન્ટ ફોર્મ બાબતે યુનિવર્સીટી તરફથી અલગથી પરિપત્ર કરવામાં આવશે.

૧૦. નોટીસ બોર્ડ ઉપર જે પ્રવેશ યાદીઓ મુકાય તેની નકલ ફરજીયાત રીતે સાંજના ૫:૦૦ વાગ્યા સુધીમાં રૂબરૂ/ઈ-મેલ (reg.sggu@gmail.com) પર શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સીટીમાં નીચે દર્શાવેલ પત્રકમાં આપવાની છે. તેમાં ટકાવારી અચૂક લખેલ હોવી જોઈએ.

તારીખ__________ પ્રવેશ યાદી નં.__________ કોલેજનું નામ___________ માધ્યમ__________

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | વિદ્યાર્થીના પ્રાપ્ત ટકા | કેટેગરી | માધ્યમ | એચ.એસ.સી. બેઠક નં./માર્કશીટ નં. | રીમાર્ક જો હોય તો |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |

૧૧. એન.આર.આઈ. કવોટાની યાદી ફરીજીયાત રીતે નોટીસ બોર્ડ પર જાહેર કરવી.

૧૨. અનામત કક્ષાના વિધાર્થીઓની જગ્યાઓ

(અ) ઓપન કેટેગરીમાં ટ્રાન્સફર કરતા પહેલા યુનિવર્સીટીની પૂર્વ મંજુરી લેવી ફરીજીયાત છે.

(બ) દરેક કોલેજ મેરીટ યાદી મુક્યા બાદ ફી લેવાના છેલા દિવસ પછી એક દિવસ વધારાનો આગળની યાદીમાં વિધાર્થીને ( ફી ભરવાનો/પ્રવેશ લેવાનો) આપવો. સાથે સાથે કેટલી જગ્યાઓ ખાલી છે તે નોટીસ બોર્ડ પર સ્પષ્ટ મુકવું. મેરીટ યાદીઓ ત્રણ થી ચાર જગ્યાએ મુકવી. સિક્યોરીટીની પાક્કી વ્યવસ્થા કરવી જેથી અવ્યવસ્થાને સ્થાન ના રહે.

૧૩. યુનિવર્સીટી દ્વારા પ્રવેશ પ્રક્રિયા નિયમો મૂજબ થાય છે કે કેમ તે તપાસવા માટે ઓબ્ઝર્વર નિમવામાં આવશે તેઓ જે માહિતી માંગે તે કોલેજઓએ આપવાની રહેશે.

૧૪. કોલેજમાં વિદ્યાર્થી/વિદ્યાર્થીનીની રેગીંગ ન થાય તે જોવાની જવાબદારી જે તે સંસ્થાની રહેશે. જે વિદ્યાર્થી/વિદ્યાર્થીની રેગીંગ કરતા પકડાશે તો તેનો પ્રવેશ રદ્દ થશે. આ સુચનાનો ચુસ્ત પણે અમલ કરવો.

સરકારી પોલીટેકનીક કેમ્પસ,
ગદુકપુર,ગોધરા
જિલ્લાપંચમહાલ પિન કોડ ૩૮૯૦૦૧

Government Polytechnic Campus
Gadukpur, Godhra.
Dist. Panchmahal Pin Code 389001

૧૫. પ્રવેશ અંગે ઉપરોક્ત સુચનાઓનું પાલન કરવામાં આવે અને જયારે જરૂર જણાય ત્યારે યુનિવર્સીટી હવે પછી જે સુચનાઓ આપે તેનો પણ ફેરફાર મુજબ અમલ ચુસ્તપણે કરવો. યુનિવર્સીટીનો આ અધિકાર અબાધિત રહેશે

૧૬. ચાલુ વર્ષે કોલેજ લેવલે ઓનલાઈન પ્રવેશ પદ્ધતિ અપનાવેલ હોય શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી દ્વારા અગાઉ નિયત કરેલ પ્રવેશ પદ્ધતિનું સંપૂર્ણપણે પાલન કરવું.

# ફી સ્ટ્રકચર

૧. ગ્રાન્ટેબલ કૉલેજો : ટ્યુશન ફી વર્ષ ૨૦૧૫-૧૬ અનુસાર રહેશે.

૨. ફી યુનિ.ના નિયમ પ્રમાણે ફરજીયાત લેવાની રહેશે. તેથી કોઇપણ સ્વરૂપમાં વધારે ફી લીધાની પુરાવા સાથેની લિખિત ફરિયાદ આવશે તો યુનિવર્સીટીના ધારાધોરણ મુજબ કડક કાર્યવાહી કરવામાં આવશે. આ બાબતની સંપૂર્ણ જવાબદારી આચાર્યશ્રીની રહેશે. ગ્રામ્ય વિસ્તારમાં વધારે ફી લીધાના દાખલા ગત વર્ષ બન્યા છે. આવા આચાર્યશ્રીની માન્યતા તાત્કાલિક રદ્દ કરવામાં આવશે, પાછળથી કોઇપણ રજૂઆત સાંભળવામાં આવશે નહીં. ડીપોઝીટના સ્વરૂપમાં કોઈપણ ફી લઈશકાશે નહીં.

૩. સ્વનિર્ભર કૉલેજોમાં નિયત સંખ્યા કરતા એકપણ વિદ્યાર્થી વધારે લેવામાં આવશે, તો આવા વિદ્યાર્થીઓની એનરોલમેન્ટની કોઈ જવાબદારી યુનિવર્સીટીની રહેશે નહીં.

૪. અલગ અલગ નામે કોઈ વધારની ફી કે ડીપોઝીટ લઇ શકશે નહી.

૫. ગ્રાન્ટેબલ કૉલેજોમાં જ્યાં કમ્પ્યુટર વિષય ચાલે છે, ત્યાં યુનિવર્સીટી ઓર્ડિનન્સ મુજબ આ માટે જે ફી નક્કી થઇ છે, તેના કરતા વધારે ફી લઇ શકાશે નહીં. અન્યથા યુનિવર્સીટીના ધારાધોરણ મુજબ કડક પગલા લેવામાં આવશે. યુનિવર્સીટી માન્યતા વગર કૉમ્પ્યુટર વર્ગો ચલાવી શકાશે નહીં.

૬. સ્ટડી મટીરીયલ, લેબોરેટરી ફી કે અન્ય કોઈ પણ નામે યુનિવર્સીટીના ધારાધોરણોથી વિરુદ્ધ વધારે ફી લેવાશે તો કૉલેજની માન્યતા રદ્દ થશે આ માટે યુનિવર્સીટીની કોઈ જવાબદારી રહેશે નહીં.

૭. તમામ કૉલેજોએ સેમેસ્ટરદીઠ જ ફી લેવાની રહેશે. કોઈપણ સંજોગોમાં આખા વર્ષની ફી લઇ શકશે નહીં.

૮. ૬૨ વર્ષથી ઉપરના કોઈ પણ વ્યક્તિને ડાયરેકટર, ઇન્ચાર્જ ડાયરેકટર તરીકે કોઇપણ સ્વનિર્ભર સંસ્થામાં ચાલુ રાખી શકાશે નહીં.

૯. સ્વનિર્ભર સાયન્સની કૉલેજો યુનિવર્સીટીની એફિલિએટેડ કૉલેજ હોઈ, ગ્રાન્ટેબલ કૉલેજો માટે સ્ટાફ, વર્કલોડનું જે મહેકમ છે તે લાગુ છે. તેથી જરૂરી ક્લાર્ક, ગ્રંથપાલ, સ્પોર્ટસ ટીચર, પટાવાળા વગેરે ગ્રાન્ટેબલ ધોરણે તમામ સ્ટાફને ફરજીયાત નીમવાના રહેશે. અન્યથા યુનિવર્સીટી માન્યતા રદ્દ કરવા સુધીના પગલા અચુક લેશે. તમામ સ્ટાફને સરકારશ્રીના યુનિવર્સીટીના ધારાધોરણો મુજબ ફરજીયાત રીતે પૂરો પગાર આપવાનો છે.

૧૦. જે સ્વનિર્ભર કૉલેજોમાં સ્ટાફ ઓછો હશે તેમની ઈન્ટેક કેપેસિટી ઓછી કરવામાં આવશે તેની સંપૂર્ણ જવાબદારી મેનેજમેન્ટની રહેશે.

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
(ગુજરાત એકટ નં ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
Shri Govind Guru University
(Established vide Gujarat Act No.24/2015)

સરકારી પોલીટેકનીક કેમ્પસ,
ગદુકપુર,ગોધરા
જિલ્લાપંચમહાલ પિન કોડ ૩૮૯૦૦૧

Government Polytechnic Campus
Gadukpur, Godhra.
Dist. Panchmahal Pin Code 389001

વિજ્ઞાન શહેર અને – ગ્રામ્ય વિસ્તારમાં ઓપન – અનામત
G.S.E.B. પુરક પરીક્ષા પાસ કરેલ વિધાર્થીઓ તથા પ્રવેશથી વંચિત વિધાર્થીઓ માટે
૨૦૧૬-૨૦૧૭ પ્રથમ સેમેસ્ટરમાં મેરીટ યાદીઓના આધારે પ્રવેશ કાર્યવાહીનું સમય પત્રક

| ક્રમ | કાર્યવાહી | પ્રથમ વર્ષ બી. એસસી. |
|---|---|---|
| ૧ | કૉલેજો દ્વારા વિદ્યાર્થીઓને પ્રવેશ ફોર્મનું વિતરણ | ૦૨/૦૮/૨૦૧૬ થી |
| ૨ | કૉલેજો દ્વારા પ્રવેશ ફોર્મ પરત સ્વીકારવા | ૦૨/૦૮/૨૦૧૬ થી ૦૯/૦૮/૨૦૧૬ સુધી |
| ૩ | ઓપન અને અનામત મેરીટ પ્રથમ યાદીની જાહેરાત | ૧૧/૦૮/૨૦૧૬ |
| ૪ | ઓપન મેરીટ પ્રથમ યાદીના વિદ્યાર્થીઓને ફી સ્વીકારવાનો સમય સવારે ૯-૦૦ થી ૧:૦૦ સુધી | ૧૧/૦૮/૨૦૧૬ થી ૧૩/૦૮/૨૦૧૬ |
| ૫ | જરૂર પડ્યે અનામત કેટેગરીની ખાલી રહેતી સીટો માટે યુનિવર્સીટીની પૂર્વમંજૂરી મેળવવી અને યુનિવર્સીટીની સુચના મુજબ આ સીટો ભરવી | ૧૬/૦૮/૨૦૧૬ પછી |

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી,
ગોધરા

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

નકલ સાદર રવાના :

(૧) વિજ્ઞાન વિદ્યાશાખાની સંબધિત કૉલેજના આચાર્યશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂં.

(૨) ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર જાણ સારૂં.